<u>તારાંકિત પ્રશ્ન</u> <u>ક્રમાંક: પ્ર/</u>

# ગુજરાત વિધાનસભા સચિવાલય

તારાંકિત પ્રશ્ન ક્રમાંક: 15/3/455

વિષય:

કચ્છ જિલ્લામાં ડીસેલીનેશન પ્લાન્ટ

સૂચના મળ્યાની તારીખ: 02/09/2023 08/09/2023 04/09/2023

*15/3/455 શ્રી અમિત ચાવડા(આંકલાવ)

જળસંપત્તિ અને પાણી પુરવઠા જણાવવા કૃપા કરશે કે:-

ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૩૦/૦૩/૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૩૮૦૧૩ (અગ્રતા-૯૭)ના અનુસંધાને માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે

(૧) કચ્છ જિલ્લામાં માંડવી-ગુંદીયાળી ખાતે દરિયાકાંઠાના વિસ્તારોમાં દરીયાનું ખારૂ પાણી મીઠું બનાવી પીવાનું પાણી પુરૂ પાડવા માટે ડીસેલીનેશન પ્લાન્ટ માટે બાંધકામની કામગીરી બે વર્ષમાં પૂર્ણ થતા પ્લાન્ટ કાર્યરત થશે અને દૈનિક કુલ ૧૦ કરોડ લિટર પાણી મીઠું થનાર હતું, તે કામગીરી તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૨) ઉક્ત કામગીરી કેટલા સમયમાં પૂર્ણ કરવાની શરતે કઈ એજન્સીને સોંપવામાં આવેલ છે,

(૩) ઉક્ત કામગીરી પાછળ રાજ્ય સરકારે ઉક્ત સ્થિતિએ કેટલી રકમનો ખર્ચ કર્યો,અને

(૪) ઉક્ત કામગીરી ઉક્ત એજન્સી દ્વારા સમયસર કરેલ ન હોય તો ક્યારે શા પગલાં લીધા ?

----